ગાંધીનગર સમાચાર

શહેર વાઇબ્રન્ટ પુર્વે એલ.ઇ.ડી. લાઇટના અજવાળે ઝળહળશે

# શહેરમાં ડેન્ગ્યુના ચાર કેસ મળ્યા

**સે. ૨૮, ૨૩, ૧૪ અને ૩ માંથી આ કેસ મળી આવ્યા : કેસોની સંખ્યા ૨૦ પર પહોંચી**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં આજે એક જ દિવસમાં ડેન્ગ્યુના ૪ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર શહેરને ડેન્ગ્યુ માટે સંવેદનશીલ વિસ્તારની શ્રેણીમાં મુકવામાં આવેલ છે. હમણાં સુધી શાંત જણાતા ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહથી સતત છુટા છવાયા ડેન્ગ્યુના કેસો મળી રહ્યા છે.

આજે નોંધાયેલા આ ૪ કેસ સાથે ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા આ સીઝનમાં ૨૦ પર પહોંચી છે. જો કે ખાનગી હોસ્પિટલમાં નોંધાયેલા દર્દીઓની સંખ્યા આમાં નથી.

ગાંધીનગર શહેરમાં મેલેરિયાતંત્રની ટીમ દ્વારા વાહકજન્ય રોગચાળા પર સતત નજર રાખવામાં આવી રહી છે. જો કે તંત્રના દાવા મુજબ પરિસ્થિતિ સંપૂણ નિયંત્રણ હેઠળ છે. છુટાછવાયા કેસો જરૂર મળી રહ્યા છે પણ મચ્છરોની ડેનસીટીની તીવ્રતા ઘટી રહી છે.

આજે જે ચાર કેસ મળી આવ્યા છે તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નોંધાયેલા છે. આ દર્દીઓ સે. ૨૮, ૨૩, ૧૪ અને ૩ના રહીશ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૩ દર્દીને ગાંધીનગર સિવિલ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં છુટા છવાયો વરસાદ



છેલ્લા બે દિવસથી વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ આજે શહેરના વિવિધ વિસ્તારોમાં છુટાછવાયા ઝાપટા પડ્યા હતા. છેલ્લા બે દિવસથી શહેરમાં વરસાદી વાતાવરણ બંધાયુ છે. જો કે હજુ સુધી શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો નથી. આકાશમાં ઘેરાયેલા કાળા ડિબાંગ વાદળોથી ચોમાસુ હજુ ચાલી રહ્યુ છે તેની હૈયાધારણા આપી રહ્યા છે. આજે શહેરના વિવિધ વિસ્તારોમાં છુટા છવાયા ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી.

# ગિફ્ટ સીટીને જોડતો સિગ્નેચર બ્રિજ તૈયાર

**દબાણોના લીધે રસ્તાનુ કામ અટવાયુ : વાઇબ્રન્ટ પુર્વે ગિફ્ટ સીટીને જોડતા રસ્તાનુ કામ પુર્ણ કરી દેવાશે : ૧૫ જેટલા દબાણો દુર કરાશે**

ગાંધીનગર તા ૨૨

ગિફ્ટ સીટીને જોડતા સિગ્નેચર બ્રિજનુ કામ પુર્ણ થઈ ગયુ છે. પરંતુ બ્રિજના ભાગ બાદ ગિફ્ટ સીટીને જોડતા રસ્તાનુ કામ હજુ બાકી છે. આ રૂટમાં વર્ષોથી અસ્તિત્વ ધરાવતા કાચા મકાનના દબાણો આ કામગીરીમાં અવરોધરૂપ બન્યા છે. ત્યારે માર્ગ મકાન વિભાગ દ્વારા આ દબાણો સંદર્ભે કલેકટરને જાણ કરવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ પુર્વે બ્રિજનુ લોકાપર્ણ કરવાનુ હોવાથી રસ્તાનુ કામ પણ ઝડપથી હાથ ધરવા માટે પ્રયાસ હાથ ધરાયા છે.

બિઝનેસ હબ તરીકે ઉભરતા ગિફ્ટ સીટીની સાથેનુ જોડાણ સરળ બને તે માટે માર્ગ મકાન વિભાગ દ્વારા સિગ્નેચર બ્રિજનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. બ્રિજના નિર્માણ માટે અંદાજિત ૮૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. નમુનારૂપ બ્રિજને તૈયાર કરી દેવાયો છે. ત્યારે હાલ આ બ્રિજના નિર્માણના અંતે આ યોજનાને આનુસંગિક બ્રિજને જોડતા રસ્તાનુ કામ હાથ ધરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. પરંતુ બ્રિજના નિર્માણ બાદ ગિફ્ટ સીટીને જોડતા રસ્તાની કામગીરીમાં દબાણો અડચણરૂપ થઈ રહયા છે. આ વિસ્તારમાં વર્ષો જુના કાચા મકાનોના દબાણો છે. અંદાજે ૧૫ જેટલા દબાણો દુર કરવા માટે તંત્ર દ્વારા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. માર્ગ મકાન વિભાગ દ્વારા આ મામલે કલેકટર કચેરીને પણ જાણ કરવામાં આવી છે. આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ તંત્ર દ્વારા ગિફ્ટ સીટીને જોડતા આ રસ્તાનુ કામ પણ ઝડપભેર પુર્ણ કરી દેવાશે વધુમાં ગુડા દ્વારા પી ડી પી યુ તરફ જોડતા રસ્તાનુ પણ વાઈડનીંગ હાથ ધરવામાં આવશે.

# શહેર વાઈબ્રન્ટ પુર્વે એલ.ઈ.ડી. લાઈટના અજવાળે ઝળહળશે

**એલ ઇ ડી લાઇટના પ્રોજેક્ટને અનુલક્ષી દિવાળી સુધીમાં નવી એજન્સીને કામ સોંપી દેવાશે : વીજબીલમાં પ્રતિમાસ રૂ ૫.૫૦ લાખનુ ભારણ ઘટશે**

ગાંધીનગર તા ૨૨

સમગ્ર શહેરમાં આગામી વાઈબ્રન્ટ પુર્વે એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાશે. હાલ શહેરના અમુક રસ્તા પર પ્રાયોગિક ધોરણે અલ ઈ ડી લાઈટની જગમગાટ જોવા મળી રહી છે. જયારે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા અંધારપટ્ટની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. પરંતુ આગામી દિવસોમાં રાત્રિ દરમિયાન શહેર સફેદ અજવાળુ પાથરતી એલ ઈ ડી લાઈટની જળહળા નિખરી ઉઠશે ઈલેક્ટ્રીક વિભાગ દ્વારા આ માટે દરખાસ્ત તૈયાર કરી દેવાઈ છે. દિવાળી પુર્વે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે જેના અંતે એજન્સીને એલ ઈ ડી લાઈટના પ્રોજેકટનુ કામ સોંપવામાં આવશે. એલ ઈ ડી લાઈટના લીધે વિજબીલમાં ૨૫ ટકાની બચત થશે. પ્રતિમાસ વીજબીલમાં રૂ ૫.૫૦ લાખનો ઘટાડો થશે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટલાઈટની જાળવણી છેલ્લા કેટલાક સમયથી રામભરોસે છે. ટોરેન્ટ પાવર લી ને સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ કરવામાં રસ નથી. આ જવાબદારીમાંથી મુકત કરવા માટે ટોરેન્ટે સરકારને પણ દરખાસ્ત કરી છે. પરંતુ હજુ નવી એજન્સી નક્કી કરી શકાઈ નથી. હાલ શહેરમાં સ્ટ્રીટ લાઈટના ૧૮ હજાર જેટલા પોલ્સ છે. જયારે સ્ટ્રીટ લાઈટના આ થાંભલાઓ પૈકી ૪૦ ટકા બંધ જ રહેતા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાનો ૨૯મીએ ગરીબ કલ્યાણ મેળો

**નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આ મેળામાં હાજરી આપશે : પ્રેક્ષાભારતી ખાતે મેળાના આયોજનની ચાલતી તૈયારીઓ**

ગાંધીનગર, તા. ૨૨

આગામી ૨૯મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલ પ્રેક્ષાભારતી ખાતે જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાશે.

આ વખતે ગરીબ કલ્યાણ મેળો જિલ્લાકક્ષાએ ઉજવવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ મેળામાં ગાંધીનગર મહાનગરપાલિકાના લાભાર્થીઓનો પણ સમાવેશ કરી દેવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે સમગ્ર રાજ્યમાં ત્રણ તબક્કામાં અર્થાત ૨૯, ૩૦ અને ૬ ઓક્ટો. રોજ આ ગરીબ કલ્યાણ મેળાઓના આયોજન સંપન્ન કરવાનો નિર્ણય લીધો છે. જેના ભાગરૂપે ૨૯મીએ જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો કોબાના પ્રેક્ષાભારતી કેન્દ્ર ખાતે યોજવામાં આવશે.

૨૯મીએ યોજવામાં આવનાર આ ગરીબ કલ્યાણ મેળામાં ૧ હજાર જેટલા સીધા લાભાર્થી અને ૧૦ હજારથી વધુ પરોક્ષ લાભાર્થીઓને આવરી લેવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. આ ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, આરોગ્ય, કૃષિ, સમાજકલ્યાણ, સહકાર, પશુપાલન શાખા જિલ્લા પંચાયત, ગ્રામ વિકાસ એજન્સી સહિતની વિવિધ શાખાઓના લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાનાર આ ગરીબ કલ્યાણ મેળાના આયોજનની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવી છે. આ મેળામાં ગુડાના ચેરમેન આશિષ દવે, તેમજ અન્ય બે બોર્ડ નિગમના ચેરમેનો પણ અતિથિ તરીકે ઉપસ્થિત રેહનાર છે.

મેળાના સ્થળે એલ.ઈ.ડી. બલ્બનું વેચાણ વિતરણ કેન્દ્ર સહિતના ૨૦થી વધુ સ્ટોલ બનાવવામાં આવનાર છે. જેમાં સરકારની વિવિધ યોજનાઓની વિગતો સાથેની સમજ આપતુ સાહિત્ય ઉપલબ્ધ હશે.

આ મેળામાં ઉપસ્થિત લાભાર્થીઓને રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વિડીયો કોન્ફરન્સીંગના માધ્યમથી સંબોધન કરશે. આ મેળા માટે લાભાર્થીઓને મેળાના સ્થળે લઈ જવા માટે એસ.ટી. તંત્ર સાથે પરામર્શમાં રહી રૂટોને પણ આખરી કરવાની કવાયત તંત્ર દ્વારા હાલ ચાલી રહી છે.

આ મેળામાં લાભાર્થીઓને ૧૦ કરોડથી પણ વધુ રકમના લાભો આપવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે આ મેળામાં કેટલીક યોજનાઓના લાભાર્થીઓ દ્વારા યોજનાથી થયેલા ફાયદાના પ્રતિભાવો પણ રજુ કરવામાં આવશે. આ મેળામાં વિવિધ યોજનાઓ અંગેના વિશેષ પ્રેઝન્ટેશનો પણ બતાવવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.





તડામાર તૈયારીઓ - ગાંધીનગર શહેર આખું નવરાત્રી ગરબાની કાગડોળે રાહ જોતું હોય છે... હવે માત્ર આઠ જ દિવસ જ બાકી રહેતા નવરાત્રી મહોત્સવના આયોજકોએ તડામાર તૈયારીઓ આરંભી છે... શહેરના ત્રણ મુખ્ય આયોજકો છેલ્લા ત્રણ દિવસથી ગ્રાઉન્ડ - મંડપ સજાવી રહ્યા છે... હજી જેમ જેમ દિવસ જશે તેમ સાજ-શણગાર થશે અને ભવ્ય અને દિવ્ય વાતાવરણ સર્જાશે... નવરાત્રી મહોત્સવ એક એવું પર્વ છે કે જેમાં આખુ ગાંધીનગર ઉલ્લાસપૂર્વક આન-બાન-શાનથી નવરાત્રી ઉજવે છે...

# સે-૧ ના તળાવના તળિયાની તરસ છીપાતી જ નથી

**તળિયાના લીકેજીસને ડામવા મજબુતીકરણનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૨

સે-૧ના તળાવના તળિયાની તરસ છીપાતી જ નથી. સેકટરના તળાવને પિકનીક સ્પોટ બનાવાનુ સ્વપ્ન સાકાર કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે વર્ષોના અંતે પણ તળાવ ખાલીખમ ભાસે છે. તળાવ નિર્માણની યોજના પાછળ અંદાજિત રૂ ૭ કરોડનો ખર્ચ થયો છે. આમછતા સહેલાણીઓ માટે આકર્ષણ ઉભુ કરી શકાયુ નથી. તળાવના તળિયામાં લીકેજીસની સમસ્યા છે. તળિયાના કામમાં ગુણવત્તા જળવાઈ નથી. જેના પરિણામે તળિયાના મજબુતીકરણ માટે કામ હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. તંત્ર દ્વારા આ માટે અંદાજ તૈયાર કરવામાં આવી રહયો છે. જેના અંતે તળિયાના મજબુતીકરણનુ કામ હાથ ધરાશે.

સે-૧ માં તળાવ નિર્માણની યોજના દાયકાના અંતે પણ સાકાર થઈ શકી નથી. તળાવ નિમાર્ણ પાછળ કરોડો રૂપિયાનુ આંધણ કરવામાં આવ્યુ છે. તળાવ ઉપરાંત આસપાસના વિસ્તારમાં હરિયાળા બગીચાનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. વધુમાં ફુડકોર્ટ પણ બનાવી દેવાઈ છે. તળાવ વિસ્તારને સુંદર બનાવવા માટે પ્લાન્ટેશન તેમજ વિવિધ વૃક્ષો પણ ઉછેરવામાં આવ્યા છે. પાર્કીંગ પ્લેસ પણ તૈયાર કરાયુ છે. પરંતુ આ સઘળી તૈયારીના અંતે તળાવ જ ખાલીખમ રહેતા સહેલાણીઓ માટે કોઈ આકર્ષણ ઉભુ કરી શકાયુ નથી. છેલ્લા એક દાયકાના અંતે પણ આ યોજના લોકઉપયોગી બની શકી નથી.

● અનુસંધાન પાન-૭ પર

# નેશનલ સ્ટેટેસ્ટીકલ કમિશનના અધ્યક્ષ જિલ્લા પંચાયતનું ડેટા સેન્ટર નિહાળશે

**એક કલાકનું રોકાણ કરી ડેટા સેન્ટરમાં ઉપલબ્ધ વિલેજ પ્રોફાઈલ સહિતની બાબતો ચકાસશે**

ગાંધીનગર, તા. ૨૨

નેશનલ સ્ટેટેસ્ટીકસ કમિશનના અધ્યક્ષ ડૉ. આર.આર. બર્મન આજે ગાંધીનગર જિલ્લા પંચાયતના ડેટા સેન્ટરની વિશેષ મુલાકાતે તેમની ટીમ સાથે આવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રૂ. ૨૫ લાખના ખર્ચે એક વિશેષ ડેટા સેન્ટર તત્કાલિન પંચાયત પ્રમુખ હીના પટેલના હસ્તે શરૂ કરવામાં આવ્યું હતું.

આ ડેટા સેન્ટરમાં ચાલતી કામગીરી તેમજ ઈ.ગ્રામ સેન્ટર સાથેના જોડાણ અને તેની કામગીરી સહિતની વિગતો ડૉ. બર્મન અને તેમની ટીમ મેળવશે. આ ટીમ જિલ્લા પંચાયતમાં એક કલાકથી પણ વધુ સમય સુધી રોકાણ કરનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ ડેટા સેન્ટરમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી અન્વયે ૨૮૫ ગામોની વિલેજ પ્રોફાઈલ ૧-૪-૧૬ની સ્થિતિએ અપડેઈટ કરાયેલી છે. જેમાં ગાંધીનગરના ૭૩, માણસાના ૪૯, દહેગામના ૯૩ અને કલોલના ૭૦ ગામોનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com